## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજ દ્વારા સમૂહ અગ્ર હરોળ નિદર્શનો અંતર્ગત ક્ષેત્ર દિનની ઉજવણી

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજ દ્વારા નેશનલ ફુડ સિક્યોરીટી મિશન અંતર્ગત કઠોળ પાક સમૂહ અગ્ર હરોળ નિદર્શનમાં આપેલ મગની જી.એ.એમ.-૫ જાતના નિદર્શન અન્વયે તા.૩૦.૫.૧૮ ના રોજ બેચરી ગામ, તા. ઉમરેઠ ખાતે ખેડુતના ખેતરે નિદર્શન પ્લોટમાં ક્ષેત્ર દિન યોજવામાં આવેલ જેમાં આશરે કુલ ૫૦ જેટલા ખેડૂતો અને ખેડૂત મહિલાઓ હાજર રહ્યા હતા. કે.વિ.કે.ના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી (ઇન્ચાર્જ), ડો. એસ. બી. કાટોલે, ડો. વાય. સી. લકુમ, વૈજ્ઞાનિક (એગ્રોનોમી) તથા ડો. આર. એમ. પટેલ, વૈજ્ઞાનિક (પાક સંરક્ષણ) દ્વારા આજુબાજુના મગની ખેતી કરતા ખેડુત ભાઇઓને મગની જી.એમ.-૪, મેહા અને જી.એ.એમ.-૫ વગેરે જાતોની ખાસીયતો પરત્વે માહિતગાર કરી મેહા અને જી.એ.એમ.-૫ મગનું તાદ્રશ્ય નિદર્શન કરી તફાવત બતાવેલ અને કઠોળ પાકોમાં વધુ ઉત્પાદન મેળાવવા માટેની સલાહ પુરી પાડેલ. ખેડૂતોએ આ નિદર્શનો પરત્વે જી.એ.એમ.-૫ જાતને મોટો દાણો, પચરંગી પીળીયા સામે પ્રતિકારક અને વધુ ઉત્પાદન આપતી જાત તરીકેનો અભીપ્રાય આપેલ. બેચરી ગામનાં પ્રગતિશીલ ખેડૂત શ્રી ભગવતભાઈ પટેલે ખેડૂત ભાઈઓને તેમણે મળેલ સફળતાના આધારે વૈજ્ઞાનિક ઢબે ખેતી કરવા માટેની પ્રેરણા આપી હતી.



વૈજ્ઞાનિકો દ્વારા ખેડૂતોને માર્ગદર્શન



મગ પાક (GAM-5) નું તાદ્રશ્ય નિદર્શન